# કેલીયાડેમ ઓવરફ્લો થતા નયનરમ્ય નજારો સર્જાયો

**1735** મીલીયન ક્યુસેક મીટર પાણીની સંગ્રહ શક્તિ સાથે 2210 હેક્ટર જમીનને સિંચાઇ પૂરી પાડે

**વાંસદા** તાલુકાનો કેલીયા ડેમ વર્ષા ઋતુમાં અનેરૂ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે.



નવસારી : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાનો કેલીયા ડેમ વર્ષા ઋતુમાં અનેરૂં આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. ડેમ નાનામોટા ડુંગરોની વચ્ચે સ્થિત છે. એમાં પણ ડેમની નજીક જ આવેલા અજમલગઢ ઉપરથી સંપૂર્ણ સપાટીએ ભરેલા અને છલકાતા કેલીયા ડેમનું દશ્ય પ્રવાસીઓને ઘેલું કરી દે તેવું લાગે છે.

વર્ષાઋતુમાં વાંસદાના વન વિસ્તારમાં પ્રકૃતિની શોભા મોસમની સાથે સોળે કળાએ ખીલી ઉઠે છે.

વહેતાં ઝરણાંઓનો નિનાદ, છલકાયેલા નદીનાળાઓ, ડુંગરોની ટોચ સાથે સંતાકુકડી રમતા વાદળો, ચોપાસ ફેલાયેલી હરિયાળી અને મંદમંદ વરસતા વરસાદથી જીવંત બની જતા સમગ્ર વાતાવરણને લીધે નવસારી જિલ્લાનું નૈસર્ગિક સૌંદર્ય કોઈપણ પ્રવાસધામથી ઓછું નથી. વર્ષા ઋતુમાં છલોછલ ભરાયેલા તળાવો અને નાની મોટી નદીઓનો વેગીલો પ્રવાહ પણ મંત્ર મુગ્ધ કરી મૂકે તેવો છે. વર્ષાઋતુથી દિવાળીના દિવસો સુધી પ્રકૃતિની આ અપાર શોભાને માણવીએ અનેરો લ્હાવો છે. કેલીયા ડેમ 100 ટકા ભરાઈ જતા ડેમ ઉપરથી ધીમીધીમી ગતિએ પડતી ધારાઓ આંખને ભ્રમિત કરી દે છે. પરંતુ આવો સુંદર નજારો જોવો મુલાકાતીઓ માટે કાયમી સંભારણું બની રહે છે.

વાંસદા તાલુકાના કેલિયા ગામે ખરેરા નદી ઉપર સ્થિત કેલિયા ડેમ 19.98 લાખ ઘન મીટર પાણીની સંગ્રહ શક્તિ સાથે 2210 હેક્ટર પિયત વિસ્તારમાં સિંચાઈ સુવિધા પૂરી પાડે છે. આ ડેમ ઓવર ફ્લો થતા ખેડૂતોમાં ખેતી માટે પાણીની સમસ્યાનું નિવારણ થતા ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### આ બંધ ઉપર કોઇ ગેટ નથી એટલે કે અનગેટેડ પ્રકારનો બંધ છે

આ ડેમના પાણીનો ઉપયોગ ખાસ કરીને ખરીફ અને રવિ મૌસમમાં નવસારી જિલ્લાના 19 ગામોના ખેડૂતો કરે છે. જેમાં વાંસદા તાલુકા 6 ગામો, ચીખલી તાલુકા 12 ગામો, ખેરગામ તાલુકાના 1 ગામ મળી નવસારીના 19 ગામોના કુલ 4600 લાભાર્થીઓ માટે આ ડેમ જીવાદોરી સમાન છે. આ બંધ ઉપર કોઇ ગેટ નથી એટલે કે અનગેટેડ પ્રકારનો બંધ છે. જેની કુલ લંબાઈ 814 મીટર, માટીયાર બંધની લંબાઇ 701 મીટર અને ડેમની સંપૂર્ણ જળ સપાટી 113.40 મીટર છે.

# નવસારી પાલિકાની સામાન્ય સભામાં 10 મિનિટમાં કરોડો રૂપિયાના કામ મંજુર

**એજન્ડા** પરના 104 કામો અને વધારાના 229 કામો મંજુર

**પાલિકાની** કચેરીનું નવું બાંધકામ કરવાના કામ સહીત 4 કામ મુલતવી

નવસારી : નવસારી-વિજલપોર નગરપાલિકાની સામાન્ય સભામાં એજન્ડા પરના એક્ઝિ. કમિટીના નગરપાલિકા હસ્તકના મકાનોની સ્ટ્રક્ચર સ્ટેબિલીટી નકશા અંદાજો તૈયાર કરવાનું અને નગરપાલિકાની કચેરીનું નવું બાંધકામ કરવાનું કામ સહીત 4 કામો મુલતવી રાખી અન્ય 104 કામો અને વધારાના 229 કામો ચર્ચા-વિચારણા વિના જ 10 મિનિટમાં કરોડો રૂપિયાના કામો મંજુર કરી દીધા હતા.

આજે નવસારી-વિજલપોર નગરપાલિકાના પ્રમુખ મીનલબેન દેસાઈની અધ્યક્ષતામાં સામાન્ય સભા યોજાઈ હતી. જોકે પાલિકાની આખરી સામાન્ય સભા હોવાની ચર્ચા ચાલી હતી. કારણકે આગામી ટુંક સમયમાં નવસારી-વિજલપોર નગરપાલિકા મહાનગરપાલિકા બની જવાની આશા સેવાઈ રહી છે. સામાન્ય સભા શરુ થતાની સાથે જ એક્ઝિ. કમિટીના ચેરમને પિયુષ ગજેરાએ એક્ઝિ. કમિટીના મનોરંજન કર અને વ્યવસાયવેરાની ગ્રાન્ટ અંતર્ગત પાલિકાના જુદા-જુદા વિસ્તારમાં પોલીમર ટ્રીટમેન્ટથી રસ્તો બનાવવાની કામગીરી કામે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી આવેલા ભાવો મંજુર કરવા, મનોરંજન કર અને વ્યવસાયવેરાની ગ્રાંટ અંતર્ગત પાલિકાના જુદા-જુદા વિસ્તારમાં પોલીમર ટ્રીટમેન્ટથી રસ્તો બનાવવાની કામગીરી કામે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી આવેલા ભાવો મંજુર કરવા, પાલિકા હસ્તકની વિવિધ મકાનોની સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી નકશા અંદાજો તૈયાર કરવા તથા તે કામે કન્સલ્ટન્ટની નિમણૂક કરવા અને પાલિકાની કચેરી માટે નવીન મકાનના બાંધકામ બાબતના કામો મુલતવી રાખ્યા હતા. 4 કામો સિવાયના અન્ય 104 કામો અને વધારાના 229 કામો મળી કુલ્લે 333 કામો ચર્ચા-વિચારણા વિના જ મંજુર કરી દેવામાં આવ્યા હતા. અને 10 મીનીટમાં જ સભા આટોપી લીધી હતી.

### નગરસેવક વિજય રાઠોડ અને જીગીશ શાહે રોડ કોન્ટ્રાક્ટરોને ફરી રોડ બનાવવા માંગ કરી

સામાન્ય સભામાં નગરસેવક વિજય રાઠોડે ચોમાસા દરમિયાન શહેરમાં ધોવાયેલા રસ્તા બાબતે રોડ કોન્ટ્રાક્ટરો સામે પગલા ભરવા અને સારા રસ્તા ન બનાવનાર રોડ કોન્ટ્રાક્ટરોને બ્લેકલીસ્ટ કરવાની માંગ કરી હતી. તેમજ રોડ કોન્ટ્રાક્ટરોને ધોવાયેલા રસ્તા બનાવવા જણાવ્યું હતું. તેમજ નગરસેવક જીગીશ શાહે પણ રોડ કોન્ટ્રાક્ટરોને કડક ભાષામાં અને કડક શબ્દોમાં રોડ વ્યવસ્થિત કરવા અને જો રોડ કોન્ટ્રાક્ટરો વ્યવસ્થિત કામો ન કરે તો તેમની વિરુદ્ધ પગલા લેવાની માંગ કરી છે.

### આ કામો મંજૂર કરવામાં આવ્યાં

સામાન્ય સભામાં એક્ઝિ. કમિટીના 61 કામો, વોટર વર્કસ કમિટીના 30 કામો, સેનેટરી કમિટીના 4 કામો, ગાર્ડન એન્ડ એમ્યુઝમેન્ટ કમિટીના 6 કામો, માધ્યમિક શાળા કમિટીના 5 કામો, પરચુરણ 2 કામો અને વધારાના 29 કામો લેવામાં આવ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીની હોટલમાં શ્વાસ લેવામાં તકલીફ પડતા એન.આર.આઈ. વૃદ્ધનું મોત

નવસારી : નવસારીની અનમોલ હોટલમાં એન.આર.આઈ. વૃદ્ધને શ્વાસ લેવામાં તકલીફ પડતા મોત નીપજ્યુ હતુ. જલાલપોરના આટ ગામે રૂપેન તળાવમાં અને હાલ સાઉથ આફ્રિકામાં જ્હોનીસબર્ગ રહેતા હરીલાલભાઈ સુખા પટેલ (ઉ.વ. 90) ઘણા સમયથી જલાલપોર તાલુકામાં તેમના ઘરે રહેતા હતા. હરીલાલભાઈ નવસારી રેલ્વે સ્ટેશન સામે આવેલી અનમોલ હોટલમાં રહેતા હતા. જેથી ગત 30મીએ વહેલી સવારે હરીલાલભાઈને કફ થયો હોવાથી શ્વાસ લેવામાં તકલીફ પડતા હોટલનો સ્ટાફ નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં હોસ્પિટલના ડોક્ટરે તેમને ચકાસીને મૃત જાહેર કર્યા હતા.

### મોટી વાલઝર પાસે ટેમ્પો અડફેટે રાહદારી મહિલાનું મોત

વાંસદા : વાંસદાના મોટી વાલઝર સિંગાડ પાટિયા પાસે ભગુભાઈ નારણભાઈ પટેલ (રહે. ડેરી ફળિયુ) પત્ની પદ્માબેન પટેલ સાથે શાકભાજી લેવા માટે ગયા હતા, તે દરમિયાન ટેમ્પો ચાલકે ટેમ્પો પુરઝડપે હંકારી પદ્માબેનને ટક્કર મારી અકસ્માત સર્જી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં પદ્માબેનને ગંભીર ઇજાઓ પહોંચતા તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે મરનારના પતિ ભગુભાઈ પટેલે વાંસદા પોલીસ મથકે ટેમ્પો ચાલક વિરુદ્ધ ફરિયાદ આપી હતી.

### નવસારી જિલ્લામાં છૂટો છવાયો વરસાદ

નવસારી : નવસારી જિલ્લામાં વરસાદનું જોર ઘટી જતા છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી વરસાદનું જોર ઘટી ગયું હતું. જેના પગલે જિલ્લામાં વરસાદી ઝાપટા પડી રહ્યા હતા. પરંતુ ગત રોજથી નવસારી જિલ્લામાં માત્ર છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. જોકે દિવસ દરમિયાન વાતાવરણમાં ઉઘાડ પડતા સૂર્યદેવતા કોપાયમાન થયા હતા. જેથી આજે નવસારીમાં ગરમી અનુભવાઈ હતી. જ્યારે નવસારી અને જલાલપોર તાલુકામાં વરસાદની ગેરહાજરી રહી હતી. ગત મંગળવારે સાંજે 6 વાગ્યેથી બુધવારે સાંજે 6 વાગ્યે સુધીમાં 24 કલાકમાં, વાંસદા તાલુકામાં 6 મી.મી., ખેરગામ તાલુકામાં 5 મી.મી., ગણદેવી અને ચીખલી તાલુકામાં 3-3 મી.મી. વરસાદ પડ્યો હતો. પરંતુ નવસારી અને જલાલપોર તાલુકાઓમાં વરસાદની ગેરહાજરી રહેતા કોરા રહ્યા હતા.

### વલસાડ જિલ્લા પોલીસે 16 દિવસમાં 34 આરોપીને ઝડપી પાડ્યા

વાપી : પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય ગાંધીનગરની સૂચના તથા સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલાએ ભાગતા-ફરતા આરોપીઓને પકડવા માટે ડ્રાઈવ રાખવામાં આવેલી હતી. વલસાડ જિલ્લા તથા ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓના ભાગતા-ફરતા આરોપીઓને પકડવા માટે એલસીબી, પેરોલ ફર્લો સ્કવોડ, એસ.ઓ.જી. તથા જિલ્લાના પોલીસ સ્ટેશનો દ્વારા ટેક્નિકલ ટીમની મદદ લઈ હયાતીની માહિતી મેળવી લઈ 16 દિવસની અંદર ભાગતા-ફરતા 34 ઈસમોને ઝડપી પાડ્યા હતા. જેમાં 3 ઈસમો મૃત્યુ પામેલા હોવાનું જાણવા મળ્યું હતું. જે તે જિલ્લાના પોલીસ અધિકારી તથા કર્મચારીઓને વલસાડ જિલ્લા પોલીસ વડા દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલી છે. વિવિધ ગુનાઓમાં કોઈ 2 કે 6 મહિનાથી તો કોઈ 5 વર્ષ કે 30 વર્ષથી ભાગતા-ફરતા હતાં.

# રસ્તાના કોઇ પણ પ્રોજેક્ટ માટે અમે જિંદગી આપીશું પણ જમીન નહીં : ધારાસભ્ય

**સુરત**, અહમદનગર, ચેન્નઇ ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટે ગ્રામ સભાનો વાંસદામાં વિરોધ

વાંસદા : વાંસદા તાલુકાના પ્રતાપનગર, ઝરી અને વાંદરવેલા, સુરખાય, કેલિયા, પીપલખેડ, રવાણીયા, અંકલાછ, બેડમાળ અને ચોંઢાથી પસાર થતો ગ્રીનફિલ્ડ સ્ટ્રેચ પ્રોજેક્ટ એટલે કે ભારતમાલા રોડના ટોપોગ્રાફ સંપાદન માટે પેસા એક્ટ મુજબની ગ્રામસભા આજે ઝરી અને વાંદરવેલામાં મામલતદારના અધ્યક્ષપણામાં મળી હતી. જેમાં ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે વાંસદા તાલુકામાં આવતા કોઈપણ રોડ-રસ્તાના પ્રોજેક્ટ માટે અમે જમીન આપીશું નહીં, અમે જળ-જંગલ-જમીનની રક્ષા કરીશું. જિંદગી આપીશું પણ જમીન નહીં.

રૂઢિપ્રથાના પ્રમુખ રમેશભાઈએ જણાવ્યું હતું કે અવાર નવાર પ્રોજેક્ટ માટે સરકાર આદિવાસી સમાજને હેરાન કરે છે. જે અમે ચલાવી લેવાના નથી. ગ્રામ સભામાં (૧) આ પ્રોજેક્ટનો સખત વિરોધ કરી એક પણ ઈંચ જમીન ગામના લોકો આપવાના નથી. (૨) ખેડૂતોના ૭/૧૨ માં પાઠવવામાં આવેલી કાચી નોંધ રદ થવી જોઈએ (૩) એક્સોડાની દિલ્હીની એજન્સી દ્વારા ગ્રામસભની પૂર્વ મંજૂરી લીધા વગર આવીને ખેડૂતો અને આદિવાસી આગેવાનો સાથે અપશબ્દો, ગેરવર્તણુક કરવામાં આવીને ડરાવવા ધમકાવવામાં આવે છે.

જેઓને કાયમ માટે બ્લેક લિસ્ટ કરવા જોઈએ અને આવું ન થાય તેની તકેદારી રાખવાના ઠરાવો કરવામાં આવ્યા હતા.

# નાના ભાઈએ લાકડાનો ફટકો માથામાં મારી મોટાભાઈને પતાવી દીધો

**ઉમરગામના** ઝરોલીમાં નાના ભાઈની પત્ની સાથે ઝઘડો થતા મોટા ભાઈની હત્યા કરનાર આરોપીની ધરપકડ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ઝરોલી ગામમાં નાના ભાઈની પત્ની સાથે ઝઘડો કરી રહેલા મોટા ભાઈ ઉપર ગુસ્સે ભરાયેલા નાના ભાઈએ લાકડાથી માથામાં ફટકો મારતા મોટા ભાઈનું કરુણ મોત નીપજ્યુ હતું

ઝરોલીના પથ્થર ફળિયામાં રહેતા પ્રવિણ હળપતિ નાનાભાઈની પત્ની ડિમ્પલ સાથે ઝઘડો કરતા હતા. તે સમયે હરેશ હળપતિએ ત્યાં આવી ડિમ્પલ સાથે ઝઘડો કેમ કરો છો તેમ કહી બોલાચાલી કરતા બંને ભાઈઓ વચ્ચે મારા મારી થઈ હતી. તે સમયે હરેશભાઈએ લાકડા વડે માથાના ભાગે પ્રવિણભાઈ (ઉં 42)ને ફટકો માથામાં મારતા પ્રવિણભાઈ લોહી લુહાણ હાલતમાં ફસડાઈ પડતા લોકોએ શ્રીજી હોસ્પિટલમાં અને ત્યારબાદ ભિલાડ સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા ડોક્ટરે ઈજાગ્રસ્ત પ્રવિણભાઈને મરણ ગયેલો હોવાનું જાહેર કર્યું હતું. બનાવની જાણ થતાં જ ભીલાડ પોલીસે આરોપી હરેશ હળપતિ (ઉ.વ 37)ની અટક કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

### વાપીમાં નોંધાયેલા ગુનામાં ભાગતા-ફરતા બે શખ્સ મહારાષ્ટ્રથી ઝડપાયા

વાપી : વલસાડ એસઓજી પીઆઈ એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ ભાગતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ડ્રાઈવ રાખવામાં આવી હતી. એએસઆઈ વિક્રમ મનુભાઈ તથા પી.સી. મહેન્દ્રદાન જીલુભાને મળેલી બાતમીના આધારે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2013 માં ટ્રેડમાર્ક-કોપીરાઈટ હેઠળ ગુનો નોંધાયેલા હતો અને તેમાં સંડોવાયેલા ભાગતા-ફરતા (1) અમીન ઉર્ફે અમન અબ્દુલ શેખ (ઉં.45, રહે. પાલઘર) અને (2) મૌસીન ઉર્ફે મુનાફ રફિક શેખ (ઉં.37, રહે. થાણે)ને મહારાષ્ટ્રથી ઝડપી પાડી વાપી ટાઉન પોલીસ સ્ટેશને સોંપી કાર્યવાહી હાથ ધરી હતી.

# કરાર આધારીત ઈજનેરને છૂટો કરવાની માંગ કરાતા ચીફ ઓફિસર સાથે શાબ્દિક ટપાટપી

**ગણદેવી** પાલિકાની સામાન્ય સભામાં 5.29 કરોડનાં 20 કામો સર્વાનુમતે મંજૂર કરાયા



કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી નગરપાલિકાની સામાન્ય સભા બુધવારે સાંજે પાલિકા સભાખંડમાં મળી હતી. જેમાં એજન્ડા ઉપરના 18 અને પ્રમુખસ્થાનેથી વધારાનાં 2 મળી રૂપિયા 5.29 કરોડનાં કુલ 20 કામો સર્વાનુમતે મંજૂર કરાયા હતા.

સભામાં સરકારી પરિપત્ર અનુસાર કરાર આધારીત ઈજનેરને છૂટો કરવાની માંગ સાથે ચીફ ઓફિસર સાથે શાબ્દિક ટપાટપી થતા ગરમાટો વ્યાપી ગયો હતો.

ગણદેવી નગર પાલિકાની સામાન્ય સભા બુધવારે સાંજે પ્રમુખ ભાવેશ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં બંધારા પૂલ આગળ ડામર, દમણીયા હોસ્પિટલથી સ્મશાનભૂમિ ડામર રોડ અને વિવિધ વિસ્તારમાં પેવર બ્લોક, વડા તળાવ ઉપર સેન્ડ સ્ટોન, સિક્યુરિટી કેબીન, સીસીટીવી, કમ્પાઉન્ડ વોલ, પાણીની ટાંકી વિસ્તારમાં નવા સંપ ઉપર સોલાર, જલારામ ગાર્ડન રીનોવેશન, જ્યુબિલિ ગાર્ડન ત્રિકોણ ગાર્ડન અને સોલાર, પાવર હાઉસની બાજુમાં ગાર્ડન, ગણદેવી પેટ્રોલ પમ્પ સર્કલ ડેવલોપમેન્ટ, ચંડીકા ચોક ઉપર સ્ટેચ્યુ, વિવિધ વિસ્તારમાં પાણીની લાઇન, પાલિકભવનમાં રેકર્ડ રૂમ અને સીસીટીવી, પાલિકામાં ફાયર સેફ્ટી, પાલિકા પ્રવેશદ્વાર ઉપર લાઈટ, સ્ટ્રીમ વોટર ડ્રેનેજ જેવા કામોને બહાલી અપાઈ હતી.

### શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મચારીઓને પુરસ્કાર અપાયા

નિર્મળ ગુજરાત અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારા ત્રણ કર્મચારીઓ સુમનબેન કુકણા, જયાબેન ગરાણીયા, ખાપાભાઈ હળપતિને રૂપિયા 10-10 હજારનાં પુરસ્કાર ચેક એનાયત કરાયા હતા. ચીફ ઓફીસર પ્રાચી દોશી, પ્રમુખ ભાવેશ પટેલ, ઉપપ્રમુખ ભાનુબેન પટેલ, નિરવ સગર, પ્રાણલાલ પટેલ, સરસ્વતી પટેલ, કેયુર વશી, પીનાકીન પંડ્યા, સારીકા પટેલ, રેખા પટેલ, મુમતાઝ રંગરેજ, રિઝવાન શેખ સહિત 24 પૈકી 23 સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં 31 વર્ષની સેવા સાથે વય નિવૃત થતા પાલિકા ક્લાર્ક જયેશ સોમાભાઈ પટેલને વિદાયમાન અપાયું હતું.

# વલસાડ કેરી માર્કેટયાર્ડમાંથી શાકમાર્કેટ ખસેડવા માટે કવાયત શરૂ

**વહીવટદાર** તથા પ્રાંત અધિકારીએ સ્થળ મુલાકાત કરી, ફ્રૂટ એસોસિએશન ફરી લડાયક મૂડમાં 4 ઓગસ્ટે એસો.ની બેઠક

વલસાડ : વલસાડની શાકભાજી માર્કેટ એપીએમસીમાં ખસેડવા મુદ્દે તંત્રએ કવાયત હાથ ધરી છે. બુધવારે સંબધિત અધિકારી ઓએ સ્થળ મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. નોંધનીય છે કે શાકભાજી માર્કેટ એ.પી.એમ.સી.માં તબદીલ કરવા મુદ્દે ફ્રુટ એસોસિએશન દ્વારા તાજેતરમાં કલેક્ટર સહિતના અધિકારીઓ સમક્ષ વિરોધ નોંધાવી ચુક્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વલસાડની શાકભાજી માર્કેટ બિલ્ડિંગનું ડિમોલિશન કરાયા બાદ નિર્માણ કરવામાં વર્ષ વીતી ગયું હોઈ વિવિધ સમસ્યાઓ ઊભી થઈ રહી છે. જેને લઈ પાલિકાએ શાકભાજી માર્કેટને એપીએમસીમાં ખસેડવાની તૈયારી બતાવી હતી. જોકે ફ્રૂટ એસોસિએશન દ્વારા વિરોધ કરી કલેક્ટરને રજૂઆત કરી હતી. ત્યારે વલસાડ કેરી માર્કેટમાં શાકભાજી માર્કેટ શિફ્ટ કરવા સંદર્ભે ચાલી રહી ગતિવિધિ સંદર્ભે વલસાડ ફ્રુટ એસોસિએશન હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવા માટે જરૂરી ચર્ચા કરવા હાઈકોર્ટના એસો.ના વકીલ જોડે ચર્ચા ચાલી રહી હોવાનું જણાવ્યું છે. રવિવારે 4 ઓગસ્ટે એસોસિયેશનની મિટિંગ રાખી હોવાનું પ્રમુખ આર. સી. પાન્ડે અને મહામંત્રી નરેશ બલસારીએ જણાવ્યું છે.








## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ IDFC બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) - CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031. ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

### પરિશિષ્ટ - IV-A (નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી સામાન્ય લોકો અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને કોલમ (iii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iv) મુજબ સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો કબજો જે અગાઉ આઈડીએફસી બેંક લિ.તરીકે ઓળખાતી હવે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આથી કોલમ (i) મુજબ લોન લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે છે તે' પ્રમાણે અહીં વર્ણવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રિમેન્ટ આઈડી | (iii) ઉધાર લેનારા(ઓ), સહ-ઉધાર લેનારા(ઓ) અને ગેરેન્ટર(ઓ)ના નામ | (iv) મોર્ગેજ મિલકતનું સરનામું | (v) અનામત કિંમતની રકમ | (vi) EMD રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) EMD હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | INR 945632.40/- Demand Notice dated: 06-Feb-2020 | 12708765 | મહેબુલ ખાન અને ફરહતબાનુ મહેબુલ ખાન | ફ્લેટ નંબર D-203 ધરાવતી મિલકતના તમામ ટુકડા અને પાર્સલ, બીજા માળે, લેવિશ ગાર્ડન, R.S નંબર 51/1/ પૈકી 3, મોજે: ડુંગરા, તા. વાપી અને જિલ્લો વલસાડ, વાપી, ગુજરાત - 396191 | INR 1038700.00/- | INR 103870.00/- | 04-Sep-2024 11.00 AM to 1.00 PM | 03-Sep-2024 10.00 AM to 5.00 PM | 28-Aug-2024 10:00 AM To 4:00 PM | નામ- સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર - 8306001848 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર - 9574448844 |

ડિસ્ક્લેમર: મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અનેઆઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસે સ્થાવર મિલકત પર હાજર જંગમ સંપત્તિ, જો કોઈ હોય તો તે વેચાણ કરવાનો કોઈ અધિકાર નથી.

Sd/-
અધિકૃત અધિકારી
આઈડીએફસ ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

તારીખ: 01.08.2024